| | | |
|---|---|---|
| GJRJ070015572023 | **દાવો રજૂ થયા તારીખ** | **૧૧/૦૭/૨૦૨૩** |
| | **દાવો દાખલ તારીખ** | **૧૧/૦૭/૨૦૨૩** |
| | **ફેંસલ તારીખ** | **૩૦/૦૩/૨૦૨૬** |
| | **અવધિ** | **વર્ષ માસ દિવસ**<br>**૦૨ ૦૮ ૧૯** |

**<u>મહે.ઉપલેટાના પ્રિન્સિપાલ સિવિલ જજ સાહેબની કોર્ટ સમક્ષ, મુ.ઉપલેટા.</u>**

**<u>રેગ્યુલર દીવાની દાવા નં.૧૬/૨૦૨૩.</u>**

**<u>આંકઃ-૩૧</u>**

**વાદી :-** **કિશોરભાઇ ભવનદાસ હોતચંદાણી.**
ઉં.વ.આ.૪૭, ધંધો-વેપાર,
રહે.હિંગળાજ ટ્રેડીંગ, વિજળી રોડ, ઉપલેટા.

**<u>//વિરુદ્ધ//</u>**

**પ્રતિવાદી :-** **રાજેશ ચંદુલાલ કેશવાણી**
ઉં.વ.આ.૪૩, ધંધો-વેપાર,
રહે."માતૃકૃપા", આર્યન લેન્ડ સોસાયટી,
જીવરાજ પાર્ક, ટાઉનશીપ, બ્લોક નં.૭૯,
રાજકોટ.

<u>વાદી તરફે વિદ્ધાન વકીલશ્રી જે.એસ.વસંત.</u>
<u>પ્રતિવાદી તરફે વિદ્ધાન વકીલશ્રી કે.જે.ફિંડોરીયા.</u>

**<u>દાવોઃ-</u>** **<u>વાદીની કાયદેસરની લેણી રકમ રૂ.૪,૦૦,૦૦૦/- પુરા પ્રતિવાદી પાસેથી વસુલ મેળવવા અંગે.</u>**

**<u>//ચુકાદો//</u>**

(૧) વાદીના દાવા અરજીની ટૂંકમાં હકીકત એવી છે કે, વાદી ઉપલેટા મુકામે રહે છે અને વેપાર કરીને ગુજરાન ચલાવે છે. આ કામના

પ્રતિવાદી રાજકોટ મુકામે રહે છે. આ કામના પ્રતિવાદી વાદીના સગા માસીના દિકરા થાય છે અને પ્રતિવાદીને ગત જુલાઇ–૨૦૨૦ માં ઉપલેટામાં મકાન ખરીદ કરવાનુ હોય ત્યારે પ્રતિવાદી ઉપલેટા મુકામે વાદીના ઘરે આવેલા અને પ્રતિવાદીએ વાદી પાસે મકાન ખરીદ કરવા માટે રૂ.૪,૦૦,૦૦૦/– ની માંગણી કરેલ, જેથી વાદી તથા પ્રતિવાદી સાથેના સગાની રૂએ પ્રતિવાદીએ જે તે સમયે મકાનનો સોદો કરેલો અને પ્રતિવાદીના કહેવાથી મકાન વેચનાર પક્ષનાઓ શ્રી મહેશભાઇ સામતભાઇ સુવા રહે.ઉપલેટા વાળા તથા શ્રી વિજયભાઇ સોમાયતભાઇ સુવા રહે.ઉપલેટા વાળાને વાદીએ તેઓના ખાતાની બેંક ઓફ ઇન્ડિયા ઉપલેટા શાખાના ખાતા નં.૩૩૧૦૧૦૧૧૦૦૦૮૩૭૬ માંથી ચેક નં.૪૧૫૯૧ માં RTGS થી તા.૨૧/૦૭/૨૦૨૦ ના રોજ ચુકવેલા, જેનો ઉલ્લેખ પ્રતિવાદીએ ઉપરોકત મકાનનો દસ્તાવેજ ઉપલેટા સબ–રજીસ્ટ્રાર કચેરીમાં દસ્તાવેજ રજી.અનુ.નં.૧૮૮૪/૨૦૨૦ થી તા.૨૬/૦૮/૨૦૨૦ ના રોજ નોંધાયેલ છે તે દસ્તાવેજના પાના નં.૫ માં અવેજની વિગત દર્શાવેલ છે જેમાં વાદીના નામજોગ ઉલ્લેખ થયેલ છે, તે મુજબ તા.૨૧/૦૭/૨૦૨૦ ના રોજ RTGS થી વાદીના ખાતાના ચેક નં.૪૧૫૯૧ ની વિગતે રૂ.૪,૦૦,૦૦૦/– અંકે રૂપિયા ચાર લાખ પુરા મળેલ છે તેવો સ્પષ્ટ ઉલ્લેખ રજીસ્ટર થયેલ દસ્તાવેજમાં નોંધાયેલ છે અને પ્રતિવાદીએ વાદી પાસેથી રકમ લીધેલ તે વખતે વાદીને કહેલ કે, “હું તમોને એક વર્ષમાં તમો પાસે લીધેલ રકમ ચાર લાખ પુરા તથા તે ઉપરાંત તમારી આટલી મોટી રકમનુ યોગ્ય વળતર પરત ચુકવી આપીશ" તેવુ વચન, વિશ્વાસ, ખાતરી અને બાંહેધરી આપેલ. વાદીની આ કામના પ્રતિવાદી પાસેથી કાયદેસરની લેણી નીકળતી રકમ રૂ.૪,૦૦,૦૦૦/– પુરા મેળવવાની હોય અને વાદીએ ઉપરોકત રકમ ચુકવ્યાના એક વર્ષ બાદ પ્રતિવાદી પાસે પરત મેળવવા માંગણી કરતા પ્રતિવાદી વાદીને તેઓની લેણી રકમ ચુકવવા ચેનકેન પ્રકારે સમય પસાર કરતા હોય પરત ચુકવતા ન

હોય અને પ્રતિવાદીએ વાદીને લેણી રકમ ચુકવવી ન પડે તેથી પ્રતિવાદી તથા તેમના સાગરીતો સાથે ગત સપ્ટેમ્બર–૨૦૨૧ માં ઉપલેટા મુકામે આદર્શ શેરીમાં વાદીના ઘરે રાત્રીના સમયે આવીને છરી બતાવી ગાળા ગાળી કરી ધમકી આપેલ જે અંગેનો ગુન્હો પ્રતિવાદી તથા તેમના મળતીયાઓ સામે વાદીના પત્નીએ ઉપલેટા પો.સ્ટે.માં ફરિયાદ કરેલ છે, જે હાલ નામ.ઉપલેટાની અદાલતમાં પેન્ડીંગ છે. ત્યાર બાદ વાદીએ પ્રતિવાદીને વારંવાર રૂબરૂ તથા ટેલિફોનીક જાણ કરવા છતાં પ્રતિવાદીએ કોઇ દરકાર કરેલ નથી કે વાદીની કાયદેસરની તેમની પાસે લેણી નીકળતી રકમ તેઓએ પરત ચુકવી આપેલ નથી, ઘણો સમય વીતી જવા છતાં વાદીની લેણી નીકળતી રકમ પચાવી પાડવાના બદઈરાદે સમય પસાર કરતા હોય જેથી વાદીએ પ્રતિવાદીને તા.૨૧/૦૧/૨૦૨૩ ના રોજ વકિલશ્રી મારફત રજી.એડી.પોસ્ટથી પ્રતિવાદીના સરનામે ડિમાન્ડ નોટીસ મોકલેલ જે નોટીસ આરોપીને તા.૨૪/૦૧/૨૦૨૩ ના રોજ બજી ગયેલ છે, જેની સામે પ્રતિવાદીએ તેમના વકિલ મારફત તા.૦૬/૦૨/૨૦૨૩ ના રોજ ઉડાઉ જવાબ આપેલ છે, તેમજ પ્રતિવાદીને નોટીસ બજી ગયા અંગેની પોસ્ટ વિભાગ ઉપલેટાની ઓનલાઇન પ્રિન્ટ આઉટ વાદીએ કઢાવેલ છે, અને સદર નોટીસ બજી જવા છતાં પ્રતિવાદીએ માત્ર ઉડાઉ જવાબ આપી વાદીની કાયદેસરની લેણી નીકળતી રકમ રૂ.૪,૦૦,૦૦૦/– ની રકમ વાદીને ચુકવેલ નથી જેથી આ દાવો કરવા જરૂરત પડી છે.

<u>વાદીએ સદરહુ દાવો લાવી દાદ માંગેલ છે કે :–</u>

(૧) આ કામના પ્રતિવાદીએ વેચાણ લીધેલ મકાનમાં વાદીએ આ કામના પ્રતિવાદીના કહેવાથી વેચાણ આપનારાઓને વાદીના બેંક ખાતામાંથી ચેક નં.૪૧૫૯૧ માં RTGS થી તા.૨૧/૦૭/૨૦૨૦ ના રોજ રૂ.૪,૦૦,૦૦૦/– અંકે રૂપિયા ચાલ લાખ ચુકવેલા હોય જે રકમ પ્રતિવાદીએ એક વર્ષ બાદ વાદીને ચુકવી આપવાનું વચન, વિશ્વાસ અને

ખાતરી આપેલ હોય પ્રતિવાદીએ આજ દિન સુધી વાદીને તેઓ પાસેથી કાયદેસરની લેણી નીકળતી રકમ ચુકવી આપેલ ન હોય વાદીએ પ્રતિવાદીને વકિલ મારફત તા.૨૧/૦૧/૨૦૨૩ ના રોજ ડિમાન્ડ નોટીસ આપતા પ્રતિવાદીને મોકલતા નોટીસ તા.૨૪/૦૧/૨૦૨૩ ના રોજ બજી જતા પ્રતિવાદીએ આજ દિન સુધી વાદીની લેણી રકમ વાદીને પરત ચુકવેલ નથી જેથી વાદીની રકમ રૂ.૪,૦૦,૦૦૦/- અંકે રૂપિયા ચાર લાખ પુરા ચુકવી આપે તેમજ આજ દિન સુધીનું થતુ યોગ્ય વ્યાજ તેમજ નોટીસ ખર્ચની રકમ તથા જે કાંઇ દાવાને અનુસંધાને કરેલ ખર્ચ વાદીને ચુકવી આપે તે મતલબનો હુકમ પ્રતિવાદી વિરૂદ્ધ ફરમાવવા અરજ માંગણી કરેલ છે તેવુ હુકમનામુ વાદીની તરફેણમાં કરી આપવા ન્રમ અરજ કરેલ છે.

(૨) તેમજ પ્રતિવાદી આ રકમ ચુકવી ન આપે તો તેમની જાત-જંગમ સ્થાવર મિલકતમાંથી વાદીને વાદીની લેણી રકમ તથા ખર્ચની રકમ વસુલ અપાવવા માંગણી કરેલ છે તેવું હુકમનામુ પ્રતિવાદી વિરૂદ્ધ કરી આપવા નમ્ર અરજ કરેલ છે.

(૩) આ દાવાને આનુસંગીક મળવાપાત્ર તમામ ન્યાયીક હરકોઇ દાદ અપાવવા અરજ કરેલ છે.

(૨) ત્યાર બાદ આ કામે પ્રતિવાદીને દાવાનો સમન્સ બજેલ હોવા છતાં સદર કામે પ્રતિવાદી જાતે કે તેમના વકિલશ્રી હાજર રહેતા ન હોય કે તેઓ તરફે કોઇ રજુઆત થયેલ ન હોય જેથી પ્રતિવાદીનો આંક-૬ હેઠળ જવાબનો હક્ક બંધ કરવામાં આવેલ છે.

(૩) સદરહુ કામે વાદી તરફે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે.

**મૌખિક પુરાવાઓ.**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | વાદી કિશોરભાઇ ભવનદાસ હોતચંદાણીની સરતપાસનું સોગંદનામું. | ૧૩ |

**<u>દસ્તાવેજી પુરાવાઓ.</u>**

| ક્રમ | વિગત | તારીખ | આંક |
|---|---|---|---|
| ૧ | વાદીના બેંક ખાતામાંથી ચેક નં.૪૧૫૯૧ ના RTGS થી તા.૨૧/૦૭/૨૦૨૦ ના રોજ મકાન વેચનારાઓને રૂ.૪,૦૦,૦૦૦/- આપેલા તે અંગે પાના નં.૫ ઉલ્લેખ દર્શાવતો પ્રતિવાદીના નામજોગનો દસ્તાવેજ | ૨૬/૦૮/૨૦૨૦ | ૧૫ |
| ૨ | વાદીએ મકાન વેચનારને RTGS થી રકમ રૂ.૪,૦૦,૦૦૦/- આપ્યા અંગેનુ વાદીના બેંક ખાતાનુ સ્ટેટમેન્ટ | ૨૩/૦૬/૨૦૨૩ | ૧૬ |
| ૩ | વાદીએ મકાન વેચનારને RTGS થી રકમ રૂ.૪,૦૦,૦૦૦/- આપ્યા અંગેની વાદીના બેંક ખાતાની પાસબુક એન્ટ્રી | - | ૧૭ |
| ૪ | વાદીએ વકીલશ્રી મારફત પ્રતિવાદીને મોકલેલ ડિમાન્ડ નોટીસ | ૨૧/૦૧/૨૦૨૩ | ૧૮ |
| ૫ | પ્રતિવાદીને નોટીસ રજી.એડી કર્યા અંગેની વિન્ડો સ્લીપ | ૨૩/૦૧/૨૦૨૩ | ૧૯ |
| ૬ | પ્રતિવાદીને મોકલેલ નોટીસ બજી ગયાની પોસ્ટ વિભાગની ઓનલાઇન પ્રિન્ટ આઉટ | ૨૪/૦૧/૨૦૨૩ | ૨૦ |

સદરહુ કામે વાદી તરફે આંક–૨૯ થી ક્લોઝિંગ પુરસીસ રજૂ થયેલ છે.

(૪) ત્યાર બાદ આ કામના પ્રતિવાદી હાજર રહેતા ન હોય પ્રતિવાદીનો આંક–૨૬ થી પુરાવાનો હક્ક બંધ કરવામાં આવેલ છે. ત્યાર બાદ હાલના કામે પ્રતિવાદી તરફે વિ.વ.શ્રી હાજર થઇ તા.૨૩/૧૨/૨૦૨૫ ના રોજ આંક–૨૮ થી વાદીની સરતપાસના સોંગદનામાની પ્રતિવાદી તરફે ઉલટ તપાસ કરવાનો બંધ થયેલ હક્ક રિ–ઓપન કરવાની અરજી કરવામાં આવેલ. જે અત્રેની અદાલત દ્વારા તા.૧૩/૦૨/૨૦૨૬ ના રોજના હુકમ અન્વયે કોસ્ટ સહીત મંજુર કરવામાં આવેલ. ત્યાર બાદ વાદીની પ્રતિવાદી તરફે ઉલટ તપાસ થયેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, પ્રતિવાદી તરફે સદર ઉલટ તપાસ સિવાય અન્ય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ થયેલ નથી.

(૫) સદરહુ કામે દાવાના નિર્ણાયાર્થે આંક–૭ થી નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

1. Whether the plaintiff proves that the defendant being his (plaintiff's) relative had asked for the amount of Rs.4,00,000/- as the defendant wanted to purchase a house at relevant point of time, as mentioned in the plaint.

   1A). If yes, whether the plaintiff proves that he has made payment of Rs.4,00,000/- (Rupees Four Lacs Only) to the seller of the said house namely Maheshbhai Somayatbhai Suva and Vijaybhai Somayatbhai Suva at the behest of the defendant, as mentioned in the plaint.

2. Whether the plaintiff proves that he is entitled to recover Rs.4,00,000/- from the defendant.

3. Whether the plaintiff proves that the defendant has acknowledged the debt and the suit is within the time prescribed by the law of limitation.

4. Whether the plaintiff is entitled to get interest. If yes, at what rate?

5. What order and decree ?

(૫.૧) ઉપરોક્ત મુદ્દાઓના ન્યાયી નિર્ણયો નીચે મુજબ છે.

૧. નકારમાં

૧એ. નકારમાં

૨. નકારમાં

૩. નકારમાં

૪. નકારમાં

૫. આખરી હુકમ મુજબ.

(૬) ત્યારબાદ વાદીના વિદ્વાન વકીલશ્રીની તથા પ્રતિવાદીના વિદ્વાન વકિલશ્રીની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે. વાદી તરફે એવી દલીલ કરી રજુઆત કરવામાં આવેલ છે કે, પ્રતિવાદીએ સદર કામે વાંધા જવાબ રજુ કરેલ નથી કે સદર કામે દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી. વાદીએ સદર દાવા અરજીની હકીકતો પુરવાર કરેલ હોય સદર દાવો મંજુર કરવા અરજ કરેલ છે. વધુમાં, વાદીએ આંક–૧૩ થી સરતપાસ સોંગદનામુ રજુ કરેલ છે. ત્યાર બાદ આ કામના પ્રતિવાદીનો વાદીની ઉલટ તપાસ કરવાનો હક્ક બંધ કરવામાં આવેલ, બાદ આ કામના પ્રતિવાદી દ્વારા વાદીની ઉલટ તપાસનો હક્ક રિ–ઓપન કરવા અરજ કરેલ, બાદ આ કામના વાદીની પ્રતિવાદી દ્વારા ઉલટ તપાસ કરવામાં આવેલ. પરંતુ સદર ઉલટ

તપાસમાં પણ પ્રતિવાદી દાવા અરજીની હકીકતોથી વિપરીત હકીકતો રેકર્ડ પર લાવી શકેલ નથી. વધુમાં, આંક-૧૫ થી રજુ વેચાણ દસ્તાવેજ ધ્યાને લેતાં વાદીએ પ્રતિવાદીના કહેવાથી રૂ.૪,૦૦,૦૦૦/- તા.૨૧/૦૭/૨૦૨૦ ના રોજ મહેશભાઇ સુવાને આપેલ હોવાનુ જણાય છે, તથા આંક-૧૬ થી રજુ બેન્ક સ્ટેટમેન્ટ ધ્યાને લેતાં એ હકીકત પુરવાર થાય છે. વધુમાં, વાદી દ્વારા આ કામના પ્રતિવાદીને આંક-૧૮ થી રજુ થયેલ નોટીસ આપેલ, પરંતુ પ્રતિવાદી દ્વારા સદર નોટીસ તેઓને મળેલ જ નથી તેવી કોઇ હકીકત વાદીની ઉલટ તપાસમાં પ્રતિવાદી તરફે રેકર્ડ પર લાવી શકેલ નથી. આમ, આ કામના વાદીએ આંક-૧૬ થી રજુ સ્ટેટમેન્ટ તથા આંક-૧૭ થી રજુ પાસબુક પરથી રૂ.૪,૦૦,૦૦૦/- પોતાના પરિવારની સંયુકત બચતમાંથી મહેશભાઇને ચુકવી આપેલ હોવાનુ રેકર્ડ પર સ્પષ્ટ થાય છે. આથી વાદીનો હાલનો દાવો મંજુર કરી, આ કામના પ્રતિવાદી પાસેથી રૂ.૪,૦૦,૦૦૦/- વ્યાજ સહીત વસુલ મેળવવા મંજુર કરવા અરજ કરેલ છે.

**(૬.૧)** આ કામના પ્રતિવાદીએ દલીલ કરી એવી રજુઆત કરેલ છે કે, આ કામના વાદીએ સદર દાવા અરજી સાથે ઓર્ડર ૬ રૂલ ૧૫ હેઠળનુ સોંગદનામુ રજુ કરેલ નથી. હાલના કામે આંક-૭ થી ઘડાયેલ મુદ્દા સાબીત કરવાની જવાબદારી વાદી પર રહેલી છે. પ્રતિવાદીએ વાદી પાસેથી કોઇ રકમની માંગણી કરેલ જ નથી. વધુમાં, વાદીના કથન મુજબ, વાદી વર્ષ ૨૦૨૦માં મજુરી કરતા હતા પરંતુ કેટલી આવક મેળવતા હતા તેવી કોઇ હકીકત વાદી દ્વારા જણાવવામાં આવેલ નથી. વધુમાં, આ કામે આંક-૧૮ થી રજુ થયેલ વાદીએ પ્રતિવાદીને આપેલ નોટીસનો જવાબ પ્રતિવાદીએ વાદીને આપેલ છે પરંતુ સદરહુ જવાબ વાદી દ્વારા સદર કામે રેકર્ડ પર રજુ કરવામાં આવેલ નથી. આથી, પ્રતિવાદી અને વાદી વચ્ચે થયેલ કહેવાતા વ્યવહાર અંગે શંકા ઉદભવે છે. દાવાની હકીકત સાબીત કરવાની જવાબદારી

વાદીપક્ષ પર રહેલી છે. વધુમાં, આ કામના વાદીએ પ્રતિવાદી દ્વારા લેવામાં આવેલ ઉલટ તપાસમાં એવી હકીકત જણાવેલ છે કે, રૂ.૪ લાખની રકમ પોતાના પત્ની, પુત્ર તેમ પરિવારની સંયુકત બચતમાંથી પ્રતિવાદીને આપેલ હોવાનુ જણાવેલ છે. પરંતુ આ અનુસંધાને વાદી દ્વારા તેમના પત્ની અને પુત્રને સાહેદ તરીકે સોંગદ પર તપાસેલ નથી. વધુમાં, આંક–૧૬ થી રજુ વાદીના બેન્ક ખાતાનુ બેન્ક સ્ટેટમેન્ટ ધ્યાને લેવામાં આવે તો, તા.૧૪/૦૭/૨૦૨૦ ના રોજ વાદીના બેન્ક એકાઉન્ટમાં માત્ર રૂ.૮,૪૧૭.૫૮/– રૂપીયા હોવાનુ જણાઇ આવે છે, જયારે તા.૨૦/૦૭/૨૦૨૦ ના રોજ રૂ.૩,૫૦,૦૦૦/– ની રકમ માતૃકૃપા કુડઝોનમાંથી ટ્રાન્સફર થયેલ હોવાનુ જણાઇ આવે છે. વધુમાં, તા.૨૧/૦૩/૨૦૨૦ ના રોજ ચેક દ્વારા વિજયભાઇ સુવાને રૂ.૩,૫૦,૦૦૦/– આંક–૧૫ નો કરાર કરતી વખતે આપવામાં આવેલ હોવાનુ જણાય આવે છે. આથી, આ રકમ બાબતે વાદીએ કોઇ ખુલાસો કરેલ નથી કે સદર રકમ તેઓના ખાતામાં કયાંથી આવેલ તે બાબતે કોઇ સ્પષ્ટ હકીકત વાદીપક્ષ દ્વારા રેકર્ડ પર લાવી શકેલ નથી. વધુમાં, તા.૧૭/૦૩/૨૦૨૦ ના રોજ વાદીના ખાતામાં ક્રેડીટ બેલેન્સ રૂ.૧૯,૮૦૦/– નુ હતુ તથા તા.૧૯/૦૩/૨૦૨૦ ના રોજ વાદીના એકાઉન્ટમાં રૂ.૩,૫૦,૦૦૦/– રોકડથી જમા થયેલ તેનો સોર્સ શું છે તે બાબતે વાદીએ કોઇ સ્પષ્ટતા કરેલ નથી. વાદીપક્ષ દ્વારા લતાબેન, વિજયભાઇ, મહેશભાઇ તે પૈકી કોઇને સાહેદ તરીકે સોંગદ પર તપાસેલ નથી. વાદીને પ્રતિવાદી દ્વારા પ્રોમીસરી નોટ આપવામાં આવેલ હોય કે વાદી–પ્રતિવાદી વચ્ચે કોઇ એમ.ઓ.યુ. કરવામાં આવેલ હોય તેવી વાદી તરફે કોઇ રજુઆત કરવામાં આવેલ નથી. વધુમાં, વાદીપક્ષ દ્વારા આંક–૧૩ થી રજુ સરતપાસના સોંગદનામામાં કોઇ દાદ માંગવામાં આવેલ નથી. વાદી દ્વારા હાલના પ્રતિવાદી સામે કોઇ પોલીસ ફરિયાદ થયેલ નથી, પરંતુ તેઓની પત્ની દ્વારા પોલીસ ફરિયાદ કરવામાં આવેલ છે. વાદીનો એવો કોઇ

કેસ નથી કે પ્રતિવાદી તેઓની પાસે નાણાંની માંગણી કરી ત્રાહિત વ્યકિતને આપવા જણાવ્યુ હોય. વધુમાં, વાદી દ્વારા સાટાખત રજુ કરવામાં આવેલ નથી. આમ, વાદી જયારે પોતાનો કેસ સાબીત કરી શકેલ નથી ત્યારે વાદીનો દાવો ખર્ચ સહીત રદ કરવા અરજ કરેલ છે.

<u>**//મુદ્દાના નિર્ણયના કારણો//**</u>

(૭) પુરાવા ધારાની કલમ–૧૦૧ તથા ૧૦૨ના પ્રબંધો મુજબ કાયદાનો પ્રસ્થાપિત સિદ્ધાંત એવો છે કે, પુરાવાનો ભાર હંમેશા હકારાત્મક હોય છે જેથી જે હકીકત તરીકે જાહેર કરનાર ઉપર પુરાવાનો ભાર રહેલો છે તેનો ઈનકાર કરનાર પર નહિ. જેથી પ્રારંભિક સાબિતીનો ભાર વાદી ઉપર રહેલો છે કે, જેથી અદાલત સમક્ષ એવી હકીકત પુરવાર થાય કે, વાદીએ જણાવેલ હકીકત કાયદેસર રીતે યોગ્ય છે ત્યારે અદાલત વાદીપક્ષની તરફેણમાં હુકમનામું કરવા વિચારણા કરી શકે છે ત્યારબાદ પુરાવાની જવાબદારી પ્રતિવાદીપક્ષના શીરે રહે છે. જેથી પ્રતિવાદીપક્ષની નબળાઈ કે દાખવેલ બેદરકારીથી વાદીપક્ષ પરનો પુરાવાનો બોજો ક્યારેય ખસતો નથી. ઉપરોક્ત સિદ્ધાંત/કાયદાની પરિસ્થિતિ ધ્યાને લઈ હાલના કેસમાં રજૂ પુરાવાની ચર્ચા/મુલ્યાંકન કરવામાં આવેલ છે.

(૭.૧) વાદીપક્ષ તરફે આંક–૧૩ થી વાદી કિશોરભાઇ ભવનદાસ હોતચંદાણીનું સરતપાસનુ સોંગદનામુ રજુ થયેલ છે. જેમાં વાદીએ પોતાના દાવા અરજીની હકીકતોને સમર્થનકારી હકીકતો જણાવેલ હોય સદર હકીકતોનુ પુનરાવર્તન કરેલ નથી. ત્યાર બાદ વાદીની પ્રતિવાદી તરફે ઉલટ તપાસ લેવામાં આવેલ છે જેમાં વાદીએ એ હકીકત સ્વીકારેલ છે કે, <u>પ્રતિવાદી રાજકોટ મુકામે રહે છે અને વેપાર કરે છે.</u> તેઓ જણાવે છે કે, તેઓ ઉપલેટા મુકામે હીંગળાજ ટ્રેડીંગના નામે વેપાર કરે છે. <u>તેઓ એ હકીકત સ્વીકારે છે કે, પ્રતિવાદી રાજકોટ મુકામે માતૃકૃપા ફુડ ઝોનના નામે વેપાર કરે છે.</u> વધુમાં, વાદીને તમે વેપાર કરો છો તે જ માત્ર તમારી આવકનો સોર્સ છે,

અન્ય કોઈ આવકનુ સાધન નથી? તેવુ પુછતાં વાદીએ જવાબમાં જણાવેલ છે કે, તેઓને આ ધંધાની આવક છે તથા તેઓના સંતાનો કમાતા હોય જે તેઓની સાથે રહે છે, તેની આવક અને તેઓના પત્ની સિલાઇનુ કામ કરે છે તેની આવક છે. તેઓ જણાવે છે કે, જુલાઇ ૨૦૨૦ માં તેઓએ જે રૂ.૪,૦૦,૦૦૦/– રકમ આપેલી તેના ચાર દિવસ પહેલા પ્રતિવાદી આવેલા. સાહેદ જણાવે છે કે, પહેલા રૂ.૩,૫૦,૦૦૦/– પ્રતિવાદીને આપેલા અને ત્યાર બાદ પ્રતિવાદીએ કહેલ કે બીજા રૂપિયા ૫૦,૦૦૦/– વ્યવસ્થા થાય તો કરી આપો,હું (પ્રતિવાદી) તમને (વાદી) પહેલાના રૂ.૩,૫૦,૦૦૦/– મોકલાવી આપુ છુ. તેઓ એ હકીકત સ્વીકારે છે કે, તેઓએ જે રૂ.૩,૫૦,૦૦૦/– ની વાત કરેલ છે તે તેઓની દાવા અરજીમાં કે તેઓના સરતપાસના સોંગદનામામાં જણાવેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, તે સદર રૂ.૩,૫૦,૦૦૦/– અંગે આંક–૧૫ વાળા દસ્તાવેજમાં દર્શાવેલ છે. તેઓ એ હકીકત સ્વીકારે છે કે, દસ્તાવેજમાં તેઓએ જે વિગત રૂ.૩,૫૦,૦૦૦/– ની દર્શાવી છે તેઓની દાવા અરજીમાં દર્શાવેલ નથી. તેઓ એ હકીકત સ્વીકારે છે કે, આંક–૧૫ વાળા દસ્તાવેજ રજીસ્ટર્ડ કરતી વખતે તેઓ સબ રજીસ્ટ્રાર કચેરીમાં હાજર હતા. તેઓ જણાવે છે કે, તા.૨૧/૦૭/૨૦૨૦ ના રોજ તેઓએ રૂ.૪,૦૦,૦૦૦/– નો ચેક આર.ટી.જી.એસ.થી વેચનારને જે આપેલ તેના છ આઠ મહિના અગાઉથી તેઓ મકાન વેચનાર મહેશભાઈ સુવાને ઓળખે છે. તેઓએ રૂ.૩,૫૦,૦૦૦/– પ્રતિવાદીને આપેલા તે તેઓને પ્રતિવાદીએ તા.૧૮ કે ૧૯/૦૭/૨૦૨૦ ના આર.ટી.જી.એસ.થી આપેલા. સાહેદ જણાવે છે કે, તેઓને ચોક્કસ યાદ નથી. તેઓ એ હકીકત સ્વીકારે છે કે, તેઓએ જે રૂ.૪,૦૦,૦૦૦/– આપેલા તે એક વર્ષમાં પરત આપવાના હતા તે અંગેનુ કોઇ લખાણ કરી આપેલ નથી. તેઓ એ હકીકત સ્વીકારે છે કે,તેઓએ પ્રતિવાદી પાસે સદર રકમ પરત કરવા માટે માંગણી કરેલી. વધુમાં, વાદીને પ્રતિવાદીએ

આ રકમ ન આપતા તમે તેની સામે કોઈ કાનુની કાર્યવાહી કરેલી ? તેવો પ્રશ્ન પુછતાં તેના જવાબમાં વાદીએ જણાવેલ છે કે, તેઓએ પ્રતિવાદીને સદર રકમ પરત કરવા માટે અવાર નવાર મૌખિક રીતે વિનંતી કરેલી તો બે ત્રણ મહિના બાદ પ્રતિવાદી તેઓના ઘરે બે ત્રણ ગુંડાઓને લઈ આવેલ, આથી પ્રતિવાદી સામે તેઓએ ઉપલેટા પો.સ્ટે.માં ફરિયાદ કરાવેલી. તેઓ એ હકીકત સ્વીકારે છે કે, ઉપરોકત ફરિયાદ તેઓએ નથી કરેલી. સાહેદ જણાવે છે કે સદર ફરિયાદ તેઓના પત્નીએ કરેલી. તેઓ જણાવે છે કે, પ્રતિવાદીએ તેઓને નોટીસનો જવાબ આપેલો તેની ચોક્કસ તારીખ તેઓને હાલ યાદ નથી. તેઓ એ હકીકત સ્વીકારે છે કે, આ કામમાં નોટીસનો જવાબ રજુ રાખેલ નથી. તેઓ એ હકીકત સ્વીકારે છે કે, આંક–૧૫ વાળા દસ્તાવેજ વાળી મિલકતનો વહીવટ તેઓ કરતા હતા. બાદ તેઓ જણાવે છે કે, પ્રતિવાદી તેઓના માસીના દિકરા થતા હોય તેઓએ તેમને કહેલ કે તેઓને રોકાણ કરવુ છે આથી હું મકાન જોઈ આવુ. તેઓ એ હકીકત સ્વીકારે છે કે, ઉપરોકત હકીકત તેઓની દાવા અરજીમાં જણાવેલ નથી. તેઓ એ હકીકત સ્વીકારે છે કે, તેઓ જે વેપાર કરે છે તેના આવક જાવકના હિસાબ રાખે છે. વધુમાં, વાદીને તા.૨૧/૦૭/૨૦૨૦ ના રોજ જે રૂ.૪,૦૦,૦૦૦/– આપેલ તે તમારી પેઢીમાંથી જે આવક થયેલી તેમાંથી આપેલ? તેવો પ્રશ્ન પુછતાં તેના જવાબમાં વાદીએ જણાવેલ છે કે, તે સમયે હિંગળાજ ટ્રેડીંગના નામથી તેઓ પેઢી ધરાવતા ન હતા. તેઓ જણાવે છે કે, તેઓ છુટક મજુરી કરતા હતા. તેઓ આ મજુરીમાં જે રોજ કમાતા હોય તે નક્કી ન હોય. મહીને તેઓ કેટલુ કમાતા હોય તે પણ કહી શકે નહી. મજુરી તેઓ કરતા તેની આવક તેઓના ખાતામાં કેટલી હતી તે તેઓ કહી શકે નહી. તેઓની મજુરીની આવક તેઓ તેમના આંક–૧૬ તથા આંક–૧૭ વાળા જે સ્ટેટમેન્ટ તથા બેંક પાસબુક છે તેમાં જમા કરાવતા. જેમાં કોઈ વખત રૂ.૫,૦૦,૦૦૦/– જમા કરાવેલ નથી. વધુમાં, વાદીને તમે તમારી

પોતાની બચતમાંથી રૂ.૪,૦૦,૦૦૦/-ની રકમ પ્રતિવાદીને આપેલ છે? તેવો પ્રશ્ન પુછતાં તેના જવાબમાં જણાવેલ છે કે, તેઓના પરિવારની સંયુકત બચતમાંથી તે પૈસા આપેલ છે. તેઓ એ હકીકત સ્વીકારે છે કે, તેઓના ખાતામાંથી તા.૨૧/૦૭/૨૦૨૦ ના રોજ આર.ટી.જી.એસ.થી પ્રતિવાદીને તેઓએ રકમ આપેલ છે. તેઓ એ હકીકત સ્વીકારે છે કે, આંક-૧ વાળી દાવા અરજી તથા આંક-૧૩ વાળુ સરતપાસનુ સોંગદનામુ તેઓએ વાંચેલ છે. તેઓ એ હકીકત સ્વીકારે છે કે, પ્રતિવાદીએ તા.૨૦/૦૭/૨૦૨૦ ના રોજ આર.ટી.જી.એસ. રૂ.૩,૫૦,૦૦૦/- તેઓના ખાતામાં મોકલેલ. સાહેદ જણાવે છે કે, તે રૂપીયા અગાઉના તેઓએ જે તા.૨૧/૦૩/૨૦૨૦ ના રોજ જે ચેક મહેશભાઇ સુવાને આપેલ તે બદલના છે. તેઓ એ હકીકત સ્વીકારે છે કે, અગાઉની રૂ.૩,૫૦,૦૦૦/- ની રકમ તેઓને પ્રતિવાદીએ પરત ચુકવી દીધેલ જેની દાવા અરજીમાં જણાવેલ નથી. તેઓ એ હકીકત સ્વીકારે છે કે, આંક-૧૬ તથા આંક-૧૭ વાળા જે સ્ટેટમેન્ટ તથા પાસબુક રજુ કરેલ છે તે તેઓના સેવીંગ્સ એકાઉન્ટના છે. તેઓ એ હકીકત સ્વીકારે છે કે, હાલમાં તેઓ તેમનો ધંધો મજુરીકામ બંધ કરી વતન છોડી બીજે રહેવા જતા રહેલ છે. તે વાતની ખબર ન હોવાનુ જણાવે છે કે, તેઓના દિકરા સામે પ્રતિવાદીએ રાજકોટમાં ફરિયાદ કરેલ છે કે કેમ. અન્ય હકીકતોનો સાહેદે ઈન્કાર કરેલ છે.

**//મુદ્દા નં.૧, ૧એ,૨,૩ તથા ૪//**

(૮) સદરહુ કામે મુદ્દા નં.૧, ૧એ, ૨, ૩ તથા ૪ એકબીજા સાથે સંકળાયેલા હોય સદર મુદ્દાઓની ચર્ચા એક સાથે કરવામાં આવે છે. મુદ્દા નં.૧ થી ૪ સાબિત કરવા માટે વાદી તેઓની દાવા અરજીમાં તથા આંક-૧૩ થી રજૂ વાદીના સરતપાસ સોંગદનામામાં એવી હકીકત જણાવેલ છે કે, આ કામના પ્રતિવાદી વાદીના સગા માસીના

દિકરા થાય છે અને પ્રતિવાદીને ગત જુલાઈ–૨૦૨૦ માં ઉપલેટામાં મકાન ખરીદ કરવાનુ હોય ત્યારે પ્રતિવાદી ઉપલેટા મુકામે વાદીના ઘરે આવેલા અને પ્રતિવાદીએ વાદી પાસે મકાન ખરીદ કરવા માટે રૂ.૪,૦૦,૦૦૦/– ની માંગણી કરેલ જેથી પ્રતિવાદીએ જે તે સમયે મકાનનો સોદો કરેલો અને પ્રતિવાદીના કહેવાથી મકાન વેચનાર પક્ષનાઓ શ્રી મહેશભાઈ સામતભાઈ સુવા તથા શ્રી વિજયભાઈ સોમાયતભાઈ સુવાને વાદીએ RTGS થી તા.૨૧/૦૭/૨૦૨૦ ના રોજ ચુકવેલા જેનો ઉલ્લેખ પ્રતિવાદીએ મકાનનો દસ્તાવેજ ઉપલેટા સબ–રજીસ્ટ્રાર કચેરીમાં દસ્તાવેજ રજી.અનુ.નં.૧૮૮૪/૨૦૨૦ થી તા.૨૬/૦૮/૨૦૨૦ ના રોજ RTGS થી વાદીના ખાતાના ચેક નં.૪૧૫૯૧ ની વિગતે રૂ.૪,૦૦,૦૦૦/– મળેલ છે તેવો સ્પષ્ટ ઉલ્લેખ રજીસ્ટર થયેલ દસ્તાવેજમાં નોંધાયેલ છે. ત્યાર બાદ પ્રતિવાદીએ આજ દિન સુધી વાદીને તેઓ પાસેથી કાયદેસરની લેણી નીકળતી રકમ ચુકવી આપેલ ન હોય વાદીએ પ્રતિવાદીને વકિલ મારફત તા.૨૧/૦૧/૨૦૨૩ ના રોજ ડિમાન્ડ નોટીસ આપતા પ્રતિવાદીને મોકલતા નોટીસ તા.૨૪/૦૧/૨૦૨૩ ના રોજ બજી જતા પ્રતિવાદીએ વાદીની કાયદેસરની લેણી રકમ પેટે કોઈ રકમ ચુકવેલ નથી.આમ, વાદીનું પ્રતિવાદી પાસે રૂ.૪,૦૦,૦૦૦/– નુ લેણુ નીકળે છે તેવી હકીકત જણાવેલ છે. આમ, વાદીએ સૌપ્રથમ તો એ પુરવાર કરવુ પડે કે, તેઓએ રૂ.૪,૦૦,૦૦૦/– ની રકમ પ્રતિવાદીના કહેવાથી તા.૨૧/૦૭/૨૦૨૦ ના રોજ મહેશભાઈ સુવાને આપેલ છે. આમ, રૂ.૪,૦૦,૦૦૦/– ની રકમ વાદીનુ પોતાનુ ફંડ હોવુ જોઈએ તે અનિવાર્ય શરત છે.

(૮.૧) જે અનુસંધાને આંક–૧૬ થી રજુ વાદીના બેન્ક ઓફ ઈન્ડિયાના સેવીંગ્સ એકાઉન્ટ નં.૩૩૧૦૧૦૧૧૦૦૦૮૩૭૬ નું બેન્ક સ્ટેટમેન્ટ વંચાણે લેવામાં આવે તો, તા.૨૧/૦૭/૨૦૨૦ ના રોજ રૂ.૪,૦૦,૦૦૦/– ની રકમ આર.ટી.જી.એસ. દ્વારા મહેશભાઈ એસ સુવાના એકાઉન્ટમાં જમા થઈ હોવાની હકીકત રેકર્ડ પર આવે

છે. તથા આંક–૧૫ વાળો વેચાણ દસ્તાવેજ વંચાણે લેતાં પણ તા.૨૧/૦૭/૨૦૨૦ ના રોજ મહેશભાઇ એસ સુવાને રૂ.૪,૦૦,૦૦૦/– ની રકમ ચુકવાયેલ હોવાનુ ફલીત થાય છે. પરંતુ, આ અનુસંધાને આંક–૧૬ માં તા.૨૦/૦૭/૨૦૨૦ ની એન્ટ્રી ધ્યાને લેવામાં આવે તો, રૂ.૩,૫૦,૦૦૦/– ની રકમ માતૃકૃપા ફુડ ઝોન દ્વારા વાદીના એકાઉન્ટમાં ડિપોઝીટ થયેલ હોવાનુ જણાય છે તથા તા.૨૦/૦૭/૨૦૨૦ ના રોજ રૂ.૫૦,૦૦૦/– ની રકમ રોકડમાં વાદીના એકાઉન્ટમાં ડિપોઝીટ થયેલ હોવાનુ જણાય છે. આમ, તા.૨૦/૦૭/૨૦૨૦ ના રોજ વાદીના એકાઉન્ટમાં રૂ.૪,૦૦,૦૦૦/– ની રકમ ડિપોઝીટ થયેલ અને તેના બીજા જ દિવસે એટલે કે તા.૨૧/૦૭/૨૦૨૦ ના રોજ રૂ.૪,૦૦,૦૦૦/– ની રકમ આર.ટી.જી.એસ. દ્વારા મહેશભાઇ એસ સુવાને ટ્રાન્સફર થયેલ હોવાની હકીકત રેકર્ડ પર આવે છે.

(૮.૨) વધુમાં, આંક–૧૬ વાળુ સ્ટેટમેન્ટ તથા આંક–૧૫ વાળો દસ્તાવેજ ધ્યાને લેવામાં આવે તો, તા.૨૧/૦૩/૨૦૨૦ ના રોજ વાદીના બેન્ક એકાઉન્ટમાંથી રૂ.૩,૫૦,૦૦૦/– ની રકમ વિજયભાઇ એસ સુવાને ટ્રાન્સફર કરેલ હોવાની હકીકત રેકર્ડ પર આવે છે. આ અનુસંધાને આંક–૧૬ વાળા સ્ટેટમેન્ટમાં તા.૧૯/૦૩/૨૦૨૦ ના રોજની એન્ટ્રી જોવામાં આવે તો, વાદીના એકાઉન્ટમાં તે દિવસે રૂ.૩,૫૦,૦૦૦/– ની રકમ રોકડમાં ડિપોઝીટ થયેલ હોવાની હકીકત રેકર્ડ પર આવે છે. આમ, તા.૧૯/૦૩/૨૦૨૦ ના રોજ જે રકમ રોકડમાં વાદીના એકાઉન્ટમાં ડિપોઝીટ થયેલ તેટલી જ રકમ એટલે કે, રૂ.૩,૫૦,૦૦૦/– તા.૨૧/૦૩/૨૦૨૦ ના રોજ એટલે કે, ઓલમોસ્ટ ઇમીડીએટલી વિજયભાઇ સુવાના એકાઉન્ટમાં ટ્રાન્સફર થયેલ છે.

(૮.૩) આમ, તા.૧૯/૦૩/૨૦૨૦, તા.૨૧/૦૩/૨૦૨૦, તા.૨૦/૦૭/૨૦૨૦, તા.૨૧/૦૭/૨૦૨૦ ની બેન્ક એન્ટ્રીઝ એકસાથે વંચાણે લેવામાં આવે તો, વાદીના એકાઉન્ટમાં

રૂ.૩,૫૦,૦૦૦/- તથા રૂ.૪,૦૦,૦૦૦/- જેવી સબસ્ટેન્સીયલ અમાઉન્ટ ઇમીડીએટલી પ્રાયર ટુ તા.૨૧/૦૩/૨૦૨૦ તથા તા.૨૧/૦૭/૨૦૨૦ ના રોજના પેમેન્ટ ટ્રાન્સફર થતાં પહેલા જમા થયેલ છે. આથી, વાદીએ સાબીત કરવુ પડે કે, ઉપરોકત બન્ને રકમના વાદી ઇન્ડીપેન્ડેન્ટ પેયર છે. આ અનુસંધાને, આંક-૧૬ વાળુ સ્ટેટમેન્ટ ઇન ઇટ્સ એન્ટાયરટી કન્સીડર કરવામાં આવે તો, સદર બે રકમની આનુસંગીક એન્ટ્રીઝ સિવાય વાદીના એકાઉન્ટમાં તા.૦૨/૦૩/૨૦૨૦ થી તા.૦૧/૦૮/૨૦૨૦ સુધીના સમયગાળામાં રૂ.૪૨,૭૭૦/- ની રકમ જ સૌથી મોટી રકમની ડિપોઝીટ હોવાનુ જણાય આવે છે. તથા રૂ.૩,૫૦,૦૦૦/- તથા રૂ.૪,૦૦,૦૦૦/- ની રકમના ટ્રાન્ઝેકશનને બાદ કરતા અન્ય કોઇ ટ્રાન્ઝેકશન મોટી રકમનું થયેલ ન હોવાનુ સ્ટેટમેન્ટ પરથી સ્પષ્ટ થાય છે. વધુમાં, ઇમ્પોર્ટન્ટલી, વાદીના કથન મુજબ રૂ.૪,૦૦,૦૦૦/- ની રકમ વાદી દ્વારા પોતાના પરિવારની સંયુકત બચતમાંથી પ્રતિવાદીના કહેવાથી મહેશભાઇ સુવાને વેચાણ અવેજ પેટે ચુકવવામાં આવી છે, આથી, વાદી પોતે આટલી મોટી રકમનુ પેમેન્ટ કરવા માટે આર્થિક સદ્ધરતા ધરાવતા હતા કે કેમ તે જોવુ જરૂરી છે. આ અનુસંધાને, વાદીની આંક-૧૩ વાળી જુબાની ધ્યાને લેવામાં આવે તો, પ્રતિવાદી તરફે લેવામાં આવેલ ઉલટતપાસમાં **વાદીને તા.૨૧/૦૭/૨૦૨૦ ના રોજ જે રૂ.૪,૦૦,૦૦૦/- આપેલ તે તમારી પેઢીમાંથી જે આવક થયેલી તેમાંથી આપેલ? તેવો પ્રશ્ન પુછતાં તેના જવાબમાં વાદીએ જણાવેલ છે કે, તે સમયે હિંગળાજ ટ્રેડીંગના નામથી તેઓ પેઢી ધરાવતા ન હતા, વધુમાં, વાદીએ એ હકીકત જણાવેલ છે કે, તેઓ છુટક મજુરી કરતા હતા, તેઓ આ મજુરીમાં જે રોજ કમાતા હોય તે નક્કી ન હોય, મહીને તેઓ કેટલુ કમાતા હોય તે પણ કહી શકે નહી, મજુરી તેઓ કરતા તેની આવક તેઓના ખાતામાં કેટલી હતી તે તેઓ કહી શકે નહી, તેઓની મજુરીની આવક તેઓ તેમના આંક-૧૬ તથા આંક-૧૭**

**વાળા જે સ્ટેટમેન્ટ તથા બેંક પાસબુક છે તેમાં જમા કરાવતા, જેમાં કોઈ વખત રૂ.૫,૦૦,૦૦૦/– જમા કરાવેલ નથી. વધુમાં, વાદીને તમે તમારી પોતાની બચતમાંથી રૂ.૪,૦૦,૦૦૦/–ની રકમ પ્રતિવાદીને આપેલ છે? તેવો પ્રશ્ન પુછતાં તેના જવાબમાં જણાવેલ છે કે, તેઓના પરિવારની સંયુકત બચતમાંથી તે પૈસા આપેલ છે.** આમ, ઉપરોકત ઉલટ તપાસ ધ્યાને લેતાં, વાદી જે તે સમયે જો છુટક મજુરી કરતા હોય તો તેઓ પાસે રૂ.૪,૦૦,૦૦૦/– જેવી બચત હોય તે સામાન્ય સંજોગોમાં માનવામાં આવે તેવી હકીકત નથી. તથા વાદીના કહેવા મુજબ જો રૂ.૪,૦૦,૦૦૦/– ની રકમ તેઓએ તેમના પરિવારની સંયુકત બચતમાંથી પ્રતિવાદીના બીહાફ પર મહેશભાઈ સુવાને ચુકવેલ હોય તો તે સાબીત કરવા માટે વાદીપક્ષ દ્વારા વાદીના પત્ની કે વાદીના સંતાનોને સોગંદ પર તપાસવામાં આવેલા નથી.

(૮.૪) વધુમાં, તા.૨૦/૦૭/૨૦૨૦ ના રોજની આંક–૧૬ ના સ્ટેટમેન્ટની એન્ટ્રી મુજબ માતૃકૃપા કુડઝોન દ્વારા આર.ટી.જી.એસ.થી વાદીના બેન્ક એકાઉન્ટમાં રૂ.૩,૫૦,૦૦૦/– ની રકમ ડિપોઝીટ કરવામાં આવેલ છે. તે અનુસંધાને વાદીએ આંક–૧૩ વાળી જુબાનીમાં પ્રતિવાદી તરફેની ઉલટ તપાસમાં તેઓએ એ હકીકત સ્વીકારેલ છે કે, **પ્રતિવાદી રાજકોટ મુકામે રહે છે અને વેપાર કરે છે, પ્રતિવાદી રાજકોટ મુકામે માતૃકૃપા કુડ ઝોનના નામે વેપાર કરે છે, પ્રતિવાદીએ તા.૨૦/૦૭/૨૦૨૦ ના રોજ આર.ટી.જી.એસ. રૂ.૩,૫૦,૦૦૦/– તેઓના ખાતામાં મોકલેલ, સાહેદે જણાવેલ છે કે, તે રૂપીયા અગાઉના તેઓએ જે તા.૨૧/૦૩/૨૦૨૦ ના રોજ જે ચેક મહેશભાઈ સુવાને આપેલ તે બદલના છે, તેઓએ એ હકીકત સ્વીકારેલ છે કે, અગાઉની રૂ.૩,૫૦,૦૦૦/– ની રકમ તેઓને પ્રતિવાદીએ પરત ચુકવી દીધેલ જેની દાવા અરજીમાં જણાવેલ નથી.** આમ, આંક–૧૬ વાળુ સ્ટેટમેન્ટ તથા ઉપરોકત ઉલટ તપાસ એકસાથે વંચાણે લેવામાં

આવે તો, વાદી ફકત એમ જણાવે છે કે, તા.૨૦/૦૭/૨૦૨૦ ના રોજ જે રૂ.૩,૫૦,૦૦૦/– ની રકમ પ્રતિવાદી દ્વારા તેઓના બેન્ક એકાઉન્ટમાં ડિપોઝીટ કરવામાં આવેલ તે તા.૨૧/૦૩/૨૦૨૦ ના રોજના વાદીએ કરેલ પેમેન્ટનું રિ–પેમેન્ટ પ્રતિવાદી દ્વારા કરવામાં આવેલ છે. પરંતુ, એક કોમન પ્રુડન્ટ મેનના પરસ્પેકટીવથી પણ જોવામા આવે તો, તા.૧૯/૦૩/૨૦૨૦ ના રોજ વાદીના એકાઉન્ટમાં રૂ.૩,૫૦,૦૦૦/– ની રકમ કેશમાં ડિપોઝીટ થયેલ છે અને જે તે સમયે જો વાદી મજુરી કામ કરતા હોય તથા તેમના પત્ની સિલાઇ કામ કરતા હોય તથા પરિવારની સંયુકત બચત હોય તો પણ રૂ.૩,૫૦,૦૦૦/– જેવી મોટી રકમ તેઓના આખા પરિવારની બચત હોય તેમ માની શકાય નહી. તથા વાદીની દાવા અરજી તથા સરતપાસના સોંગદનામામાં પણ વાદી દ્વારા એવી કોઇ હકીકતનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી કે, વાદીએ પ્રતિવાદીના કહેવાથી રૂ.૪,૦૦,૦૦૦/– ની રકમ મહેશભાઇ સુવાને આપેલ તે અગાઉ વાદીએ રૂ.૩,૫૦,૦૦૦/– ની રકમ પ્રતિવાદીને હાથ ઉછીની આપેલ હોય કે સદર રકમ પ્રતિવાદીએ વાદીને પરત ચુકવી આપેલ હોય. આમ,વાદીનું વર્ઝન રેકર્ડ પરની હકીકતો તથા રજુ પુરાવા પરથી માનવુ શક્ય નથી.

(૮.૫) વધુમાં, આ તબક્કે, એક પ્રશ્ન ઉદભવે કે, પ્રતિવાદી પોતે જ જો બેન્ક એકાઉન્ટ ધરાવતા હોય અને આર્થિક રીતે સક્ષમ હોય તો વાદીના બેન્ક એકાઉન્ટ મારફત વિવાદી ટ્રાન્ઝેકશન શા માટે કરવામાં આવેલ છે ? પરંતુ, આ શંકા ઉદભવવા માત્રથી, તથા પ્રતિવાદીએ હાલના કામે દાવા અરજીનો વાંધા જવાબ ફાઇલ નહી કરવા માત્રથી, કે કોઇ સેપરેટ ડિફેન્સ નહી રેઇઝ કરવા માત્રથી વાદીનો કેસ પુરવાર થયેલો માની શકાય નહી. તથા આ અનુસંધાને વાદીની આંક–૧૩ વાળી જુબાની ધ્યાને લેવામાં આવે તો, વાદીએ પ્રતિવાદી તરફેની ઉલટ તપાસમાં એવી હકીકત સ્વીકારેલ છે કે,**આંક–૧૫ વાળા દસ્તાવેજ વાળી મિલકતનો વહીવટ તેઓ કરતા**

**હતા, બાદ તેઓએ જણાવેલ છે કે, પ્રતિવાદી તેઓના માસીના દિકરા થતા હોય તેઓએ તેમને કહેલ કે તેઓને રોકાણ કરવુ છે આથી તેઓ મકાન જોઈ આવે.** આમ, રેકર્ડ પરની હકીકતો તથા રજુ પુરાવા પરથી, ઉપરોકત સંદર્ભે, એટલુ માની શકાય કે, વાદી વિવાદી ટ્રાન્ઝેકશનના માત્ર ફેસીલીટેટર છે, પરંતુ, રૂ.૪,૦૦,૦૦૦/– ની રકમના વાદી ઈન્ડીપેન્ડેન્ટ પેયર હોય તેવી હકીકત રેકર્ડ પર પ્રસ્થાપિત થતી નથી. વધુમાં, વાદીએ દાવા અરજીમાં તથા આંક–૧૩ થી રજુ સરતપાસના સોંગદનામામાં વાદીએ પ્રતિવાદીને તા.૨૧/૦૧/૨૦૨૩ થી રૂ.૪,૦૦,૦૦૦/– ની લેણી રકમ પેટે નોટીસ આપેલ હોવાની હકીકત જણાવેલ છે તથા સદર નોટીસ આ કામના પ્રતિવાદીને તા.૨૪/૦૧/૨૦૨૩ ના રોજ બજી ગયેલ છે અને જેની સામે પ્રતિવાદીએ તેમના વકિલ મારફત તા.૦૬/૦૨/૨૦૨૩ ના રોજ ઉડાઉ જવાબ આપેલ છે તેવી હકીકત જણાવેલ છે. પરંતુ, સદર કામે વાદીપક્ષ દ્વારા પ્રતિવાદીએ આપેલ નોટીસનો જવાબ રેકર્ડ પર રજુ કરવામાં આવેલ નથી. આમ, સદરહુ કામે વાદીએ સદર નોટીસનો પ્રતિવાદી દ્વારા આપવામાં આવેલ જવાબ શા માટે રેકર્ડ પર રજુ કરેલ નથી તે બાબતે પણ પ્રશ્ન ઉદભવે છે, આથી પણ એડવર્સ ઈન્ફરન્સ ડ્રો થઈ શકે.

(૮.૬) વધુમાં, વાદી દ્વારા રેકર્ડ પર એ મતલબનો પણ કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ નથી, કે જે પરથી જણાય આવે કે, પ્રતિવાદીએ એમ સ્વીકારેલ હોય કે, પ્રતિવાદીના કહેવાથી વાદીએ પોતાના ભંડોળમાંથી રૂ.૪,૦૦,૦૦૦/– ની રકમ મહેશભાઇ સુવાને ટ્રાન્સફર કરેલ અને સદર રકમ પ્રતિવાદી વાદીને પરત આપવા બંધાયેલ છે. આમ, રેકર્ડ પર એવી કોઈ હકીકત પ્રસ્થાપિત થતી નથી કે, રૂ.૪,૦૦,૦૦૦/– ની રકમનું વાદીનું પ્રતિવાદી પાસેથી કાયદેસરનુ લેણુ નીકળે છે. આથી, જયારે કાયદેસરનુ લેણુ પ્રસ્થાપિત ન થતુ હોય તો વાદી તે રકમ પ્રતિવાદી પાસેથી પરત મેળવવા હક્કદાર બની શકે નહી તેમ અત્રેની

અદાલતનુ નમ્રપણે માનવુ છે. આમ, સદરહુ કામે રેકર્ડ પરની હકીકતો તથા ઉભયપક્ષની દલીલો તથા રજૂ થયેલ રેકર્ડ પરના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતાં, આ કામના વાદી મુદ્દા નં.૧, ૧એ, ૨, ૩ તેઓની તરફેણમાં સાબિત કરવામાં નિષ્ફળ રહેલ હોય મુદ્દા નં.૧, ૧એ, ૨ તથા ૩ નો જવાબ નકારમાં આપવામાં આવે છે, તથા સદર મુદ્દા વાદીની તરફેણમાં પુરવાર થયેલ ન હોય ત્યારે વાદી કોઈ પણ રકમ પર કોઈ ઈન્ટ્રેસ્ટ મેળવવા હક્કદાર બનતા નથી. આથી, મુદ્દા નં.૪ નો જવાબ નકારમાં આપી **મુદ્દા નં.૫ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.**

## //આખરી હુકમ//

- **વાદીનો દાવો આથી ના–મંજૂર(રદ) કરવામાં આવે છે.**
- દાવાનો ખર્ચ બન્ને પક્ષકારોએ જાતે ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.
- હુકમ મુજબ હુકમનામું દોરવું.

સદરહુ હુકમ આજરોજ તારીખઃ૩૦, માહેઃમાર્ચ, સનેઃ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ ૩૦/૦૩/૨૦૨૬.
મુકામઃ ઉપલેટા.

(દેવલ યજ્ઞેશ્વર પટેલ)
પ્રિન્સિપાલ સિવિલ જજ,
ઉપલેટા.
UIC-GJ01515.

Typed by:- A. J. Solanki, Gujarati Stenographer Grade-3.